# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૨/૦૯/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# MSME ઉદ્યોગકારોએ હવે આઇપીઆર આંત્રપ્રિન્યોરશિપ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ : નિલેશ ત્રિવેદી

## MSME સેક્ટર એ દેશ માટે ઇકોનોમિક ડેવલપમેન્ટનું એન્જીન છે અને કૃષિ બાદ સૌથી વધુ રોજગારીનું સર્જન કરે છે, એમએસએમઇના ડેવલપમેન્ટ માટે બેંકોએ પણ રૂપિયા બે કરોડ સુધીની લોન કો–લેટરલ વગર આપવી જોઇએ : ફિઆસ્વી ચેરમેન ભરત ગાંધી

## એમએસએમઇ સેકટર માત્ર રોજગારીની તકો જ નથી પૂરું પાડતું, પરંતુ ઓછા કેપિટલ કોસ્ટે ઇન્ડસ્ટ્રીનો વિકાસ વધુ સાધી શકે છે તથા ગ્રામીણ અને પછાત વિસ્તારમાં ઇન્ડસ્ટ્રી ઉભી કરવા માટે પણ એમએસએમઇ મદદરૂપ થાય છે : ચેમ્બર પ્રમુખ હિમાંશુ બોડાવાલા

# જેમ પોર્ટલ ઉપર ૫૫ લાખ એમએસએમઇ એન્ટરપ્રાઇઝીસ રજિસ્ટર્ડ થયા છે, આગામી બે વર્ષમાં અઢી કરોડ રજિસ્ટર્ડ કરવાના છે : વિકાસ ગુપ્તા
# એમએસએમઇ ઉદ્યોગકારો માટે હવે ઇન્વેસ્ટર ફેસિલિટી પોર્ટલ પર તમામ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવી છે : એમ.કે. લાદાની

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના સંયુકત ઉપક્રમે ગુરૂવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે આખા દિવસ માટે 'એમએસએમઇ એન્ડ બેન્કીંગ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ફિઆસ્વી ચેરમેન ભરત ગાંધી ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, એમએસએમઇ સેકટર છેલ્લા પાંચ વર્ષમાં વાયબ્રન્ટ સેકટર તરીકે ઉભરી રહયું છે. એ માત્ર રોજગારીની તકો જ નથી પૂરું પાડતું, પરંતુ ઓછા કેપિટલ કોસ્ટે ઇન્ડસ્ટ્રીનો વિકાસ વધુ સાધી શકે છે. ગ્રામીણ અને પછાત વિસ્તારમાં પણ ઇન્ડસ્ટ્રી ઉભી કરવા માટે પણ એમએસએમઇ મદદરૂપ થાય છે. ભારતની જીડીપીમાં આશરે ૩૦% જેટલો હિસ્સો એમએસએમઇ ધરાવે છે અને દેશમાં આશરે ૬૫ લાખથી વધુ અને ગુજરાતમાં પણ આશરે ૪ લાખથી વધુ એમએસએમઇ કાર્યરત છે.

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે એમએસએમઇ માટે અવનવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવતી હોય છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો, વેપારીઓ તથા ઉદ્યોગ સાહસિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ એમએસએમઇ પ્રોત્સાહનો અને સબસિડી વિષે તથા વિવિધ બેન્કો તરફથી મળતી વિશેષ લોનની માહિતી એકજ પ્લેટફોર્મ પરથી મળી રહે તે હેતુથી આજની આ કોન્કલેવ યોજાઇ હતી.

ફિઆસ્વી ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, એમએસએમઇ સેકટર એ દેશ માટે ઇકોનોમિક ડેવલપમેન્ટનું એન્જીન છે અને કૃષિ બાદ સૌથી વધુ રોજગારીનું સર્જન કરે છે. સરકારે સેફ ગાર્ડ ડયૂટીથી ઇન્ડસ્ટ્રીને સુરક્ષિત કરવી જોઇએ, પરંતુ નાના ઉદ્યોગોને રો મટિરિયલ મળી રહે તે માટે ઇમ્પોર્ટ ડયૂટી લગાવવી જોઇએ નહીં. લઘુ ઉદ્યોગોના હિત માટે એ–ટફ સ્કીમ તથા ક્રેડીટ લીન્કડ કેપિટલ સબસિડી સ્કીમ ફરીથી શરૂ કરવી જોઇએ. એમએસએમઇના ડેવલપમેન્ટ માટે બેંકોએ પણ રૂપિયા બે કરોડ સુધીની લોન કો–લેટરલ વગર આપવી જોઇએ.

ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ એમએસએમઇના આસિસ્ટન્ટ ડિરેકટર નિલેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, એક એમએસએમઇ ઉદ્યોગકાર એ ઉત્પાદન, માર્કેટીંગ, બ્રાન્ડીગ અને ફાયનાન્શિયલ મેનેજમેન્ટ કરે છે. આથી વેપાર–ઉદ્યોગના વિકાસ હેતુ પ્રપોઝલ કઇ રીતે મુવ કરવી જોઇએ તેના માટે તેને એજ્યુકેશનની જરૂર પડે છે. એના માટે તેઓ સીજીટીએમએસઇ સ્કીમનો લાભ લઇ શકે છે. તેમણે એમએસએમઇ ઉદ્યોગકારોને કેન્દ્ર સરકારની સહાયક યોજનાઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

તેમણે એમએસએમઇ ઇનોવેટીવ સ્કીમ, એમએસએમઇમાં ડિઝાઇન કમ્પોનન્ટ અને ડિઝાઇન આઇપીઆર રજિસ્ટ્રેશન વિષે માહિતી આપી ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે બિઝનેસમાં પ્રોડકટના પ્રોસેસિંગ, પેકેજિંગ અને ડિસ્ટ્રીબ્યુશન માટે ટ્રેડમાર્ક લેવો જોઇએ તથા આઇપીઆર આંત્રપ્રિન્યોરશિપ પર પણ ફોકસ કરવો જોઇએ. ટ્રેડર્સ, એમએસએમઇ માટે મહત્વના છે. આથી તમામ ટ્રેડર્સને એમએસએમઇ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવા તેમણે અપીલ કરી હતી.

ભારત સરકારના એમએસએમઇ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટયુટ– અમદાવાદના જોઇન્ટ ડાયરેકટર એન્ડ હેડ ઓફ ઓફિસ વિકાસ ગુપ્તા (આઇઇડીએસ)એ જણાવ્યું હતું કે, લઘુ ઉદ્યોગકારોએ પીએનઇજીપી સ્કીમ અંતર્ગત પહેલા લોન લીધી હોય અને ત્યારબાદ તેઓને બિઝનેસને એકસ્પાન્શન કરવો હોય તો એના માટે રૂપિયા એક કરોડની લોન મળી શકે છે. સેલ્ફ રિલાયન્ટ ઇન્ડિયા (આત્મનિર્ભર ભારત અભિયાન) સ્કીમ અંતર્ગત ઇકવીટીના માધ્યમથી એમએસએમઇને લાભ થાય છે. રૂપે ક્રેડીટ કાર્ડના માધ્યમનો ઉપયોગ કરીને લઘુ ઉદ્યોગકારો બિઝનેસ ડેવલપ કરી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરકારના જેમ પોર્ટલ પર ૫૫ લાખ એમએસએમઇ એન્ટરપ્રાઇઝીસ રજિસ્ટર્ડ થયા છે અને આગામી બે વર્ષમાં અઢી કરોડને રજિસ્ટર્ડ કરવાના છે. આ પોર્ટલના માધ્યમથી જ લોકો દરેક સામાન ખરીદી કરે તેના માટે પ્રયાસ થઇ રહયો છે. તેમણે ટ્રેડ ડિસ્કાઉન્ટીંગ સિસ્ટમ અને કલસ્ટર સંબંધિત સ્કીમ વિષે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

ભારત સરકારના એમએસએમઇ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટયુટ– અમદાવાદના ડેપ્યુટી ડાયરેકટર પી.એન. સોલંકીએ ઝીરો ડિફેકટ ઝીરો ઇફેકટ સ્કીમ, એમએસએમઇ ઇનોવેટીવ સ્કીમ, માઇક્રો – સ્મોલ એન્ટરપ્રાઇઝ કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ વિષે માહિતી આપી હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રી અને જનરલ મેનેજર એમ.કે. લાદાનીએ સ્ટેટ ગવર્નમેન્ટ સપોર્ટીવ સ્કીમ ફોર એમએસએમઇ, ઇન્સેન્ટીવ સ્કીમ્સ અને સિન્ગલ વિન્ડો કલીયરન્સ એકટ ર૦૧૭ વિષે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઇન્વેસ્ટર ફેસિલિટી પોર્ટલ પર હવે તમામ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવી છે. ગુજરાત માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકટ ર૦૧૯ અંતર્ગત માત્ર એપ્રુવલ લાયસન્સ લઇને વેપાર–ઉદ્યોગ શરૂ કરી શકાય છે.

તેમણે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી– ર૦ર૦, માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ, ગુજરાત સરકારની ટેકસટાઇલ પોલિસી– ર૦૧૯, ગુજરાત ગારમેન્ટ એન્ડ એપેરલ પોલિસી મેગા એપેરલ પાર્ક માટેની સબસિડી તથા સ્કીમ ફોર ફાયનાન્શિયલ આસિસ્ટન્ટ ટુ લોજિસ્ટીક પોલિસી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ કોન્કલેવમાં સુરત પીપલ્સ કો–ઓપરેટીવ બેંકના દેવાંગ સરૈયા, પંજાબ નેશનલ બેંકના રાજીવ કુમાર પંકજ, કોટક મહિન્દ્રા બેંકના આશિષ દેસાઇ અને યુનિયન બેંકના બી.કે. મિશ્રાએ એમએસએમઇને લગતી સ્પેશિયલ સ્કીમો તથા સેવાઓની માહિતી આપી હતી. સેશનના અંતમાં એમએસએમઇના અધિકારીઓ તથા બેંકોના અધિકારીઓએ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા.

કોન્કલેવ દરમ્યાન ઉદ્યોગ ઉદ્યમ અને જેમ પોર્ટલનું મફત નોંધણી ડેસ્ક પણ ઉભું કરવામાં આવ્યું હતું. જ્યાં વેપારીઓ તથા લઘુ ઉદ્યોગકારોએ ઉદ્યોગ ઉદ્યમ અને જેમ પોર્ટલ પર વિના મૂલ્યે નોંધણી કરાવી હતી. આ કોન્કલેવમાં ૬૦૦ થી વધુ એમએસએમઇ ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી ભાવેશ ટેલરે કોન્કલેવનું સંચાલન કર્યું હતું અને ગૃપ ચેરમેન વિજય મેવાવાલાએ સમગ્ર કોન્કલેવની રૂપરેખા આપી હતી. ચેમ્બરની એમએસએમઇ કમિટીના એડવાઇઝર જનક પચ્ચીગરે કોન્કલેવમાં સવાલ–જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગી, ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન પ્રમોદ ભગત, એમએસએમઇ કમિટીના ચેરમેન ચેતન શેઠ તથા

કો–ચેરમેનો દેવરાજ મોદી અને ધ્રુવ મોરડીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઉપ પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વેનો આભાર માની કોન્કલેવનું સમાપન કર્યું હતું.